# કુ. રૂદ્રી શુકલ જિલ્લાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં અવ્વલ આવી

ગાંધીનગર, તા. ૨૧

સ્વામિ દયાનંદ સરસ્વતીની ૧૩૮મી જન્મ જયંતિ નિમિત્તે આર્ય સમાજ દ્વારા જિલ્લાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. 'યજ્ઞ અને તેનુ પર્યાવરણીય મહત્વ' વિષય પર રૂદ્રી જતીનભાઈ શુક્લએ પોતાની આગવી વાક્ છટા દ્વારા સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યુ હતું.

શહેરના સેક્ટર-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય સેલ્ફ ફાયનાન્સના ધોરણ-૯માં અભ્યાસ કરતી રૂદ્રી શુક્લએ જિલ્લાકક્ષાની



વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દયાનંદ સરસ્વતીની ૧૩૮મી જન્મ જયંતિ નિમિત્તે આર્ય સમાજ સંસ્થા દ્વારા યોજવામાં આવેલ વક્તૃત્વ સ્પર્ધામાં શહેરની મોટાભાગની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જિલ્લા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનો વિષય 'યજ્ઞ અને તેનું પર્યાવરણીય મહત્વ' હતું. વિષય પર રૂદ્રી શુક્લએ સતત સાત મિનિટ સુધી છટાદાર શૈલીમાં વક્તૃત્વ આપ્યુ હતુ. જેમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. આગામી સમયમાં આર્ય સમાજ દ્વારા યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાંથી ફક્ત રૂદ્રી શુકલ ભાગ લેશે.

રૂદ્રી શુકલ અભ્યાસમાં તો તેજસ્વી છે જ પરંતુ અન્ય ઈતર પ્રવૃત્તિઓમાં પણ નિપૂર્ણ છે. તેને શાસ્ત્રીય સંગીતમાં, ગાયન અને વાદનનો ત્રણ વર્ષનો અભ્યાસ કર્યો છે. વાંચન-લેખન, વક્તૃત્વ, સંગીત ઉપરાંત પ્રવાસ કરવો એ મુખ્ય શોખ છે.

# બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થનુ આધુનિકરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

માનસિક રીતે પડકારભરી સ્થિતિમાં હોય તેવા બાળકો અને મનોરોગોથી ગ્રસ્ત બાળકોને નિદાન સારવાર અને પુનર્વસન માટે અમદાવાદના આશ્રમરોડ ખાતે છેલ્લા ૬૪ વર્ષથી કાર્યરત બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ કેમ્પસનું આધુનિકરણ કરવાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ પ્રોજેક્ટ સંસ્થાના મુખ્ય સ્થાપક સારાભાઈ પરિવારના માનાબહેને આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જેમાં બાલઘરનું પણ આધુનિકરણ કરવામાં આવનાર છે. તાજેતરમાં રાજ્ય સરકારે યોગ્ય લાયકાત ધરાવતી ફેકલ્ટીની બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થમાં નિમણૂંક કરી છે અને ત્યારથી સંસ્થાની કામગીરી વધારે અસરકારક બની છે. સંસ્થામાં તમામ પ્રકારના મનોરોગના નિદાન અને ચિકિત્સા માટેની સુવિધાઓ ઉપલબ્ધ છે અને અહીં ઓ.પી.ડી.નો સમય સવારે ૧૦ થી બપોરના ૧ વાગ્યાનો છે.

# ઉમા આર્ટસ અને કોમર્સ કોલેજમાં અષાઢસ્ય પ્રથમ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગરના સંસ્કૃત વિભાગના ઉપક્રમે તા. ૧૭-૭-૧૫ના રોજ કવિ કાલિદાસ જયંતિ 'અષાઢસ્ય પ્રથમ દિવસે'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીનીઓએ કવિ કાલિદાસનું જીવન તથા કવિ કાલિદાસ રચિત કૃતિઓમાં આલેખાયેલ વિવિધ પ્રસંગો તથા સૌંદર્યને વક્તવ્યમાં રજૂ કર્યા હતા. પ્રા. શ્રી પાર્થભાઈ જોશીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું તથા સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. યોગિનીબહેન વ્યાસે આ દિવસનું મહત્વ સમજાવ્યું હતું. સંસ્કૃત વિષયના અધ્યાપક શ્રી ડૉ. રૂપા ચાવડા તથા પ્રા. શ્રી જયરામભાઈ પટેલે પ્રાસંગને અનુરૂપ વક્તવ્યો રજૂ કર્યા.

ઉપરોક્ત વિષયની સ્પર્ધામાં ત્રણ વિજેતા ક્રમ જાહેર કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવમી કરવામાં આવી.

# સેકટર-૨૩માં ગાંધીનગર તાલુકાનો આશા સેમિનાર યોજાયો

ગાંધીનગર તાલુકા આરોગ્ય કચેરી દ્વારા વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે આજે કડી કેમ્પસના ખીમજી વશરામ હોલ ખાતે આશા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. ડી.સી. જાગાણી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી પિયુષ પટેલ, જિલ્લા રોગચાળા અધિકારી ડૉ. જયેશ સોલંકી તેમજ જિલ્લા આઈઈસી અધિકારી ચેતનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારમાં તમામ વક્તાઓએ પ્રેરક પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા જેમાં વસ્તી વધારા આર્થિક અસરો, નાનુ કુટુંબ સુખી કુટુંબ, કુટુંબ નિયોજનની કાયમી તેમજ બિન કાયમી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ સાથે પુરૂષ નસબંધી તેમજ પીપીઆઈયુસીડી વિશે પણ મહત્વની જાણકારી આપવામાં આવી હતી. આ સેમિનારમાં આશા દ્વારા વક્તૃત્વ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદી દ્વારા દરેક કર્મચારીઓ ચાલુ માસમાં ઓછામાં ઓછા ૨૫ એનએસવી કેસ થાય તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને ત્યારબાદ આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર તાલુકા આરોગ્ય કચેરી દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ હતી.

# આજે ભાજપ પ્રદેશ માલધારી સેલની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, માલધારી સેલની પ્રદેશ બેઠક માલધારી સેલના કન્વીનર શ્રી અરજણભાઈ રબારીની અધ્યક્ષતામાં તા. ૨૨-૭-૨૦૧૫ને બુધવારના રોજ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા અને વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડૉ. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. પ્રદેશ માલધારી સેલના હોદ્દેદારોની આ બેઠકમાં સંગઠનાત્મક બાબતો અને મહાસંપર્ક અભિયાનની ચર્ચા હાથ ધરાશે.

## લીંબોદ્રા હાઈસ્કૂલનું ગૌરવ જિલ્લા કુસ્તીમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લા કક્ષાએ કુસ્તી હરિફાઈ યોજવામાં આવેલ હતી. જેમાં દીપકભાઈ ૪૯ કિ.ગ્રા.ની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જ્યારે વિવિધ વજનમાં અને વયજૂથમાં વાઘેલા અનિરૂદ્ધસિંહ, રબારી વિશાલ, રબારી કલ્પેશ, વાઘેલા મિતરાજ, પટેલ ધ્રુવ, ઠાકોર પ્રકાશ, રાવલ રોહિત અને વાઘેલા સિદ્ધરાજસિંહ બીજુ સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક શ્રી વિશાલ થોરાતે તાલીમ આપી હતી. જ્યાં શાળાના આચાર્ય શ્રી તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

## કિસાન મોરચામાં રાષ્ટ્રીય મહામંત્રી તરીકે ગોરધનભાઈ ઝડફીયાની નિયુક્તિ

પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, આજરોજ કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયપાલસિંહ તોમરે કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી તરીકે રાજ્ય સરકારના પૂર્વમંત્રી અને કિસાન અગ્રણી શ્રી ગોરધનભાઈ ઝડફીયાની નિયુક્તિ કરી છે.

## બેન્કીંગ કામગીરીથી વિદ્યાર્થીઓને વાકેફ કરાયા

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં બેન્કીંગ કાર્યને લગતી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આજે મંગળવારે શાળાના ધોરણ-૧૧, ૧૨ના વિદ્યાર્થીઓને દેના ગ્રામીણ બેન્કના મેનેજર કનુભાઈ પટેલે માહિતી આપી હતી. બેન્કમાં થતા સામાન્ય વ્યવહારો, વિવિધ યોજનાઓ, એજ્યુકેશન લોન સહિતની સંપૂર્ણ માહિતી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યા સંતોકબેન ચૌધરી, રંજનબેન ચૌધરી અને ઉર્મિલાબેને સહયોગ પુરો પાડ્યો હતો.

## ગાંધી મિત્ર વર્તુળના ઉપક્રમે વાર્તાલાપ યોજાયો

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપક્રમે જયપ્રકાશ હાઈસ્કુલ સેકટર-૨૬ ગાંધીનગર ખાતે ૨૪ જુલાઈ શુક્રવાર સવારે ૮-૦૦ કલાકે સંસ્થાના સંવાહક અને જાણીતા સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી 'ગાંધી જીવન દર્શન' વિષયે વાર્તાલાપ આપશે તેમજ ગાંધીજીની આત્મકથા હાઈસ્કૂલના ધોરણ-૯ અને ૧૦ના તમામ વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવશે. સૌ ગાંધીમિત્રોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.

# સરકારી પુસ્તકાલયમાં સફાઈ કાર્ય પુનઃ પ્રારંભ થતા હાશકારો

## સે-૧૭ના પુસ્તકાલયમાં છેલ્લા ચાર પાંચ દિવસથી હાઉસ કીપીંગ કોન્ટ્રાકટર અને સફાઈ કર્મચારીઓ વચ્ચે ગજગ્રાહમાં સફાઈ કાર્ય બંધ હતું : અને ગ્રંથાલય નિયામકે કોન્ટ્રાટરને નોટીસ ફટકારતા સત્વરે નિવેડો લાવી સફાઈ કાર્ય પુનઃ આરંભતા રાહતની લાગણી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીગરના સે-૧૭ ખાતેના મુખ્ય પુસ્તકાલયના હાઉસ કીપીંગ કોન્ટ્રાકટર અને તેના સફાઈ કર્મચારીઓ વચ્ચેના ગજગ્રાહના કારણે છેલ્લા ચાર પાંચ દિવસથી રોજીંદુ સફાઈ કાર્ય ખોરંભે ચઢયું હતું. જેના કારણે લાયબ્રેરીમાં નિયમિત વાંચવા આવતા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને ભારે પરેશાનીનો સામવો કરવો પડી રહ્યો હતો. જો કે લાયબ્રેરી નિયામક દ્વારા કોન્ટ્રાકટરને નોટીસ અપાયાના પગલે કોન્ટ્રાકટર અને કર્મચારીઓ વચ્ચે સમાધાન થઈ જતા રોજીંદુ સફાઈ કાર્ય પુનઃ પ્રારંભ થઈ જવા પામ્યું હતું અને વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો.

સે-૧૭ના સરકારી પુસ્તકાલયમાં રોજેરોજનું સફાઈ કાર્ય આઉટ સોર્સિંગ દ્વારા કરાવવામાં આવે છે અને આ હાઉસકીપીંગનો કોન્ટ્રાકટ બે વર્ષથી પુષ્પમ એન્ટરપ્રાઈઝ એજન્સી નામના સફાઈ કોન્ટ્રાકટરને આપવામાં આવેલો છે. આ કોન્ટ્રાકટર દ્વારા લાયબ્રેરી સંકુલમાં રોજીંદા સફાઈ કાર્ય જેવા કે ટોયલેટ સફાઈ તથા અન્ય માટે પાંચ કર્મચારીઓ રાખવામાં આવ્યા છે આ પાંચે કર્મચારીઓને ગત માસનો પગાર ચુકવવાનો બાકી હોવાના આંતરિક કારણોસર કર્મચારીઓ અને કોન્ટ્રાકટર કંપનીના સત્તાવાળા વચ્ચે ગજગ્રાહ સર્જાયો હતો. આ કારણે છેલ્લા ચાર-પાંચ દિવસથી સફાઈ કર્મચારીઓએ હડતાળનું શસ્ત્ર ઉગામતા પુસ્તકાલયનું સફાઈ કાર્ય અટકાવી દીધું હતું. રોજીંદુ સફાઈ કાર્ય અટકી જવાથી લાયબ્રેરીમાં ગંદકીના થર જામવા લાગ્યા હતા અને બાથરૂમ ટોયલેટની સફાઈ ન થવાથી દુર્ગંધ મારતા લોક કરી દેવા પડયા હતાં. આ પરિસ્થિતિમાં રોજેરોજ લાયબ્રેરીમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ તેમજ અન્ય નિયમિત વાચકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. ખાસ કરીને વિદ્યાર્થીનીઓને ટોયલેટ બંધ રહેવાના કારણે અનેકવાર મુંઝવણભરી પરિસ્થિતિનો ભોગ બનવું પડયું હતું. વળી વોટરકુલરની આસપાસ પણ સફાઈ ન થવાથી પાણી પીવાલાયક ન રહેતા આ વિદ્યાર્થીઓને પીવાના પાણી માટે પણ મુશ્કેલી પડવા લાગી હતી.

આ પરિસ્થિતિમાં ગ્રંથાલયના કર્મચારીઓ પણ ત્રસ્ત થઈ ગયા હતા અને પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. અંતે ગ્રંથાલય નિયામકે હાઉસ કીપીંગ કોન્ટ્રાકટરને નોટીસ આપી સત્વરે સમસ્યાનો નિવેડો લાવવાની તાકીદ કરી હતી. અન્યથા કોન્ટ્રાકટ રદ કરવાની ચિમકી ઉચ્ચારી હતી. જેના પ્રતાપે કોન્ટ્રાકટર દ્વારા સફાઈ કર્મચારીના બાકી પગારના નાણાં ચુકવી સમાધાનનો માર્ગ અપનાવતા કર્મચારીઓ કામે પરત ફર્યા હતા. અંતે આજે ગ્રંથાલયમાં સફાઈ કાર્ય પુનઃ પ્રારંભ થતા કર્મચારીઓ વિદ્યાર્થીઓ અને અન્ય વાચકોએ હાશકારો અનુભવ્યો હતો.



ઓટોમોબાઈલ પાર્ટસનું ઉત્પાદન કરતી સોપાન ઈન્ડસ્ટ્રીઝની વાર્ષિક સાધારણ સભા આજે ગાંધીનગરમાં યોજાઈ હતી. જેમાં અતિથિ વિશેષ તરીકે દિલીપભાઈ સંઘાણી, કંપનીના ડીરેકટર નિરવ પટેલ, ભાવેશ રામાણી, ક્રિષ્ણા પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ચૌધરી વિદ્યાલયની ટીમો રાજયકક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૭ જે.એમ. ચૌધરી વિદ્યાલયની ભાઈઓ અને બહેનોની હોકી ટીમ બિનહરીફ વિજેતા થઈ છે. બંને ટીમ આગામી સમયમાં રાજયકક્ષાએ ભાગ લેશે. સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે જિલ્લા કક્ષાની શાળાકીય સ્પર્ધા યોજાઈ હતી. જે.એમ.ચૌધરી વિદ્યાલયની ભાઈઓ અને બહેનોની હોકી ટીમે સ્પર્ધામાં ભાગ લીધો હતો. પરંતુ હરીફ ટીમ ન આવતા બંને ટીમ બિનહરીફ વિજેતા જાહેર થઈ છે. આગામી દિવસોમાં ટીમો રાજય કક્ષાએ ભાગ લેશે. સ્પર્ધાનું માર્ગદર્શન શિક્ષિકા ઉષાબેન દરજીએ આપ્યું હતું.

# લોહાણા યુવા સંગઠનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૧

લોહાણા યુવા સંગઠનની વાર્ષિક સામાન્ય સભા ગત રવિવારે સેકટર-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે રાજેશભાઈ બી. ઠકકર ઉપપ્રમુખ તરીકે મયુર જે. પુજારા, મંત્રી તરીકે જીજ્ઞેશ પી. મજીઠીયા, સહમંત્રી તરીકે ચેતન દક્ષિણી, કોષાધ્યક્ષ તરીકે ચિંતન એ.ઠકકર, સહ કોષાધ્યક્ષ તરીકે જીતેન્દ્ર જી. ઠકકર, સંગઠન મંત્રી તરીકે સચિન એ. ઠકકર તેમજ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

# પ્રેરણા વિદ્યાલયમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૫-એ ખાતે આવેલી પ્રરણા વિદ્યાલયમાં એસ.પી.સી. (સ્ટુડન્ટ પોલીસ કેડેટ) પ્રોજેક્ટ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને વધુ જવાબદાર નાગરિક બનાવવા તેમજ તેમનામાં શરૂથી જ દેશભક્તિ, આદર્શ નાગરિકતા, સમાજના અન્ય વર્ગ પ્રત્યે સંવેદનશીલતા વધે તેમજ સામાજીક અનિષ્ટો સામે પ્રતિકાર કરવાના ગુણોનો વિકાસ થાય તે હેતુથી સુરક્ષા સેતુ યોજના અન્વયે રાજ્યમાં સરકાર દ્વારા 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેક્ટ' અમલમાં મુકવામાં આવ્યો છે.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશભાઈ પટેલ, મહાનગર પાલિકાના કોર્પોરેટર શ્રીમતી પરાગીબેન પંડ્યા, સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ. મોણપરા તેમજ સે. ૭ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પી. ચૌહાણ તેમજ શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ તેમજ પ્રદિપસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાર્થના તેમજ દિપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવ્યા બાદ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ કાર્યક્રમ અંતર્ગત પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. સે. ૭ના પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પી.



ચૌહાણે આ કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. તેમણે એસ.પી.સી.નો ઉદ્દેશ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ નાગરીક બનાવવા તેમજ તેમનામાં આત્મસંયમ, શિસ્તના ગુણો વિકસાવવા અંગેનો તેમજ ગુનાઓ અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગેનો છે તેવી માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓને ઈન્ડોર તાલીમ તથા અન્ય પ્રવૃત્તિઓ માટે ખાખી કપડા તેમજ શારિરીક તાલીમ (આઉટડોર) માટે સફેદ ટી શર્ટ, નેવી બ્લુ પેન્ટ તેમજ બુટ મોજા આપવામાં આવ્યા હતા. આ પ્રોજેકટ અંતર્ગત વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ આપવામાં આવશે. બે વર્ષના કોર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને શારીરિક તાલીમમાં કવાયત, પરેડ, માર્ચ યોગ વગેરેની તાલીમ તેમજ ઈન્ડોર તાલીમમાં વિદ્યાર્થીઓને જવાબદાર નાગરીક બનાવવા માટેના અભ્યાસ વર્ગો લેવામાં આવશે તેમજ ક્ષેત્રિય મુલાકાતો તેમજ શિબિરોનું પણ આયોજન કરવામાં આવશે.

શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ તેમજ પ્રદિપસિંહ બિહોલા તેમજ શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ પ્રોજેક્ટ માટે શાળાને પસંદ કરવા બદલ સરકારનો તેમજ પોલીસતંત્રનો તેમજ ઉપસ્થિત તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચાંદખેડામાં અતિ પછાત જાતિના લાભાર્થીઓને વિવિધ યોજનાઓની માહિતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત અનુસૂચિત જાતિ અતિ



પછાત વિકાસ નિગમ દ્વારા અતિ પછાત જાતિના લાભાર્થીઓને વિવિધ યોજનાઓની માહિતી મળી રહે તે માટે ચાંદખેડા ખાતે કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ લાભાર્થીઓને સ્થળ ઉપર યોજનાઓના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે અનુ. જાતિ પૈકી અતિ પછાત જાતિઓ તેમજ અનુસૂચિત જાતિઓના લાભાર્થીઓને એક જ સ્થળેથી યોજનાઓનું માર્ગદર્શન મળી રહે અને તેના ફોર્મ ભરાવી યોજનાના કાર્ડ સ્થળ ઉપર જ આપી શકાય તે હેતુથી ચાંદખેડા, અમદાવાદ ખાતે ગુજરાત અતિપછાત વિકાસ નિગમ દ્વારા કેમ્પનું આયોજન કરાયું હતું.

કેમ્પમાં અમદાવાદ મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ મિનાક્ષીબેન પટેલ, અમદાવાદ પશ્ચિમના સાંસદ ડૉ. કીરીટભાઈ સોલંકી, ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ મહોત્સવ, ભાજપના કન્વીનર ભરતભાઈ પંડ્યા, ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના અધ્યક્ષ ડૉ. અનિલભાઈ પટેલ, ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, ગાંધીનગર પશ્ચિમના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુજરાત અતિપછાત નિગમના ડીરેક્ટર ચંદનભાઈ રાણા, પ્રભુભાઈ મકવાણા, શ્રીમતિ ઉષાબેન બારોટ, શ્રીમતિ હર્ષાબેન પરમાર તેમજ અન્ય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નિગમના અધ્યક્ષ પ્રવિણ પંડ્યાએ જણાવ્યું હતું કે ચાંદખેડા ખાતેના કેમ્પમાં મુખ્યમંત્રી 'મા અમૃતમ યોજના' તથા 'મા વાત્સલ્ય કાર્ડ' યોજનામાં ૮૫ લાભાર્થીઓને કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ હતા. શ્રમિકોને વીમા કવચ યોજનામાં ૭૫ ફોર્મ, આધાર કાર્ડના ૫૪૭ ફોર્મ ભરાવવામાં આવ્યા હતા. ૬૧૩ લાભાર્થીઓને આવકના દાખલા ઈસ્યુ કરવામાં આવેલ અને વિધવા સહાય માટેના ફોર્મ ભરવામાં આવ્યા હતા.

# ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા સીટ માટે 'આપ'ના કાર્યકરોની નિમણૂંક

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૨૧

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે આમ આદમી પાર્ટીએ કવાયત હાથ ધરી છે. રાજ્યમાં અને તેમાં પણ પાટનગરમાં 'આપ' સત્તા હાંસલ કરે તે માટે જિલ્લાના પાંચ વિધાનસભા મત વિસ્તાર માટે સક્રિય કાર્યકરોની વરણી કરી જવાબદારી આપવામાં આવી છે.

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી આશિષ ખેતાન હાલમાં ગુજરાત પ્રવાશે આવ્યા છે. તેમણે ગુજરાતના આપના કાર્યકરોને ચૂંટણી માટે તૈયાર થઈ જવા માટે હાંકલ કરી છે. ચૂંટણી પ્રક્રિયાને લઈને તેમણે કાર્યકરોમાં નવો જોમ અને જોશ ભર્યો હતો. પ્રભારીએ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા સીટો માટે સક્રિય કાર્યકરોની વરણી કરી હતી. જેમાં કલોલમાં કનકભાઈ નાયક, ગાંધીનગર (ઉ) ગુણવંતભાઈ પટેલ, ગાંધીનગર (દ) હસમુખભાઈ પટેલ, દહેગામ મેહુલભાઈ નાયક અને માણસામાં વિજયભાઈ ઠાકોરની વરણી કરવામાં આવી હતી. આગામી સમયમાં જિલ્લાનું સંગઠનને વધુ મજબૂત કરવા પણ કાર્યકરોને હાંકલ કરી હતી.

# સિસિકાની બેઠકમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે

સિનિયર સિટીજન કાઉન્સિલ ગાંધીનગરની જુલાઈ માસની બેઠક આગામી ૩૧ જુલાઈના રોજ સાંજે ૫.૦૦ વાગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી ખાતે મળશે. બેઠકમાં ધોરણ-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. સભામાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની કર્મયોગી ભવનમાં નવનિર્મિત કચેરીનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની સેકટર ૧૦ના કર્મયોગી ભવન (મીની



સચિવાલય)માં નવનિર્મિત કચેરીનું ઉદ્‌ઘાટન આજરોજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કચેરીના અધ્યક્ષ સહિત તમામનો -વેશ શ્રીફળ વધેરીને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આત્મારામભાઈ પરમારે કરાવ્યો હતો. નવનિર્મિત કચેરીના ઉદ્‌ઘાટન સમારંભમાં મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી પણ ખાસ ઉપસથિત રહ્યાં હતાં.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આત્મારામભાઈ પરમારે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના અધ્યક્ષા શ્રીમતી દર્શનાબેન વાઘેલા અને ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ મકવાણાને નવી કચેરીની અદ્યતન ઓફિસમાં મંત્રોચ્ચાર સાથે બેઠક ગ્રહણ કરાવી હતી. મંત્રી શ્રી રમણલાલ વોરા અને નાયબ દંડક શ્રી આત્મારામભાઈ પરમારે સમગ્ર કચેરીની મુલાકાત લીધી હતી.

નવીન કચેરીના ઉદ્‌ઘાટન સમારંભમાં અમદાવાદના પૂર્વ મેયર શ્રી અસીત વોરા, નિગમના મેનેજીંગ ડિરેકટર શ્રી સી.એચ.રાજપાલ, અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી કે.ડી.કાપડિયા, નિગમના ડિરેકટરશ્રીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસથિત રહ્યાં હતાં.

# સાયન્સ કોલેજો શરૂ કરવાને લઈને હજુ પણ ઘણી દુવિધા

## પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોવાથી કોલેજો શરૂ થવાની હાલમાં કોઈ સંભાવના દેખાતી નથી : અભ્યાસને અસર થઈ શકે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી બીએસસી પ્રવેશ માટે સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયા લાગુ કરવામાં આવી છે. જેમાં કારણે મે મહીનામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કર્યે બે મહીના થયા હોવા છતાં હજી સુધી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. જેનાં કારણે કોલેજો શરૂ થવાના કોઈ ઠેકાણા નથી. ગત વર્ષ પણ છે કે ઓગસ્ટ મહીનામાં સાયન્સ કોલેજો શરૂ થઈ હતી. જેને લઈ એનએસયુઆઈ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સલગ્ન તમામ સાયન્સ કોલેજોમાં ગત વર્ષથી કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ગતે વર્ષે પ્રવેશ પ્રક્રિયા સમયસર પૂર્ણન થવાનો કારણે સાયન્સ કોલેજો બે મહિના મોડી શરૂ થઈ હતી. જે તે સમયે પ્રથમ વર્ષે હોવા પ્રવેશ પ્રક્રિયામાં વિલંભ થયો હોવાનું કારણ રજૂ કરીને આગામી સમયથી આવુ ન થવા દેવાની ખાત્રી આપવામાં આવી હતી. જો કે ચાલુ વર્ષે પણ ધોરણ-૧૨ વિજ્ઞાનનું પરિણામ જાહેર થયાને બે મહીના જેટલો સમય થવા આવ્યો હોવા છતાં હજુ સુધી યુનિવર્સિટી પ્રવેશ કાર્યવાહી જ પૂર્ણ કરી શકી નથી. જેનાં કારણે હજુ સુધી સાયન્સ કોલેજોમાં પ્રવેશ કોઈ ઠેકાણા નથી. સામાન્ય રીતે સાયન્સ કોલેજોમાં મેડીકલ અને એન્જિન્યરીંગ પ્રવેશમ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ બીએસસીમાં પ્રવેશ મેળવી લેતા હોય છે. ત્યાર બાદ મેડીકલ અને એન્જિન્યરીંગનો અભ્યાસક્રમ શરૂ થથા બીએસસીમાં પ્રવેશ શરૂ કરાવી દેતા હોય છે.

જેનાં કારણે પ્રવેશ પ્રક્રિયામાં વિલંભ થતો હોવાનું જાણવા મળ્યું છે. ચાલુ વર્ષે પણ એન્જિન્યરીંગ અને મેડીકલની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી પડેલી અને અત્યાર સુધી ન ભરાયેલી અનામત કેટેગરીની બેઠકો સામાન્ય કેટેગરીમાં ફેરવીને આગામી સમયમાં બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જેનાં પગલે સાયન્સ કોલેજો ઓગસ્ટનાં બીજા વીક બાદ-જ શરૂ થશે તેવી સ્થિતી જોવા મળી રહી છે.

જો કે યુનિવર્સિટી દ્વારા હજી સુધી કોઈ નિચ્ચિત તારીખ જાહેર કરવામાં ન આવી હોવાની પ્રવેશ મેળવવામાં સફળ રહેલા વિદ્યાર્થીઓ પણ મૂઝવણ ભરી પરિસ્થિતીમાં મૂકાઈ જવા પામ્યા છે. ત્યારે આવી સ્થિતિ ક્યાં સુધ ચાલુ રહેશે તે એક મોટો પ્રશ્ન છે.